તાપમાન
મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૦ ટકા


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮૨ | ૨ જૂન, ૨૦૧૬, ગુરૂવાર ; વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



Kadi Sarva Vishwavidyalaya
(A University Established Vide State (Act 21 of 2007) and Recognised by UGC)
Spread Across Five Mega Campuses at
Kadi | S V Campus, B/h Railway Station & Gandhinagar | Sector 12, 15 and 23
સર્વવિદ્યાલય Since 1919 — Since 2007

ADMISSIONS OPEN
After 12th General Stream



BCA
Gandhinagar (Sec - 23): 7096308000, 7096309000
Kadi (North Gujarat): 9824215396
B P College of Computer Studies, Gandhinagar
N P College of Computer Studies & Management, Kadi

BBA
Gandhinagar (Sec - 23): 9924116129, 8401912027
Kadi (North Gujarat): 9427679746
B P College of Business Administration, Gandhinagar
N P College of Computer Studies & Management, Kadi

B.Com.
Gandhinagar (Sec - 23): 079 23248127
Kadi (North Gujarat): 02764 291674, 9824349878
Ashvinbhai A Patel Commerce College, Gandhinagar
Smt M P Patel College of Commerce & Center for Professional Courses, Kadi

MBA
Kadi (North Gujarat): 8488929394, 9825591782
A 5 Years' Integrated PROFESSIONAL Programme
S V Institute of Management, Kadi

100% Placement Assistance with Grooming Facilities for Interviews, GD & Written Test

We also offer
Ph.D., MCA, MBA, B.Ed., M.Ed., M.Com., Nursing, B.Pharm, M.Pharm, Pharm.D, BPT, BE, ME(Mechanical, Computer, Electrical, Civil), B.Sc.(Chemistry, Biotechnology, Microbiology, Mathematics, Physics, Computer Science), M.Sc.(Chemistry, Biotechnology, Microbiology, Mathematics, Physics, IT),

360° Growth of Students
- Vocational Courses like UPSC, GPSC & IELTS etc
- Training for CPT, IPCC, CS Foundation, CS Executive
- A/C Gymnasium with Trained Instructor
- Indoor Sports Complex with Volleyball & Badminton Training
- Archery, Tennis and Horse Riding Training
- NCC & NSS Activities with State & National Representations
- Youth Festival with State & National Representations
- Course Specific Government, Industrial liasoning and Visit

Salient Features
- 97 Years of Philanthropic Existence
- Research Projects Worth of Rs 2 Crores
- Proven Research Track Records with 9 Patents
- Students Strength of 36,000
- 8,000 Students are Stying in Hostel
- Project Assistance to the Students
- No Management Quota, Merit Scholarship for Bright Students
- A/C Classrooms with Multi-Media Projector
- Opportunity to Participate in grand Youth Festival
- Wi-Fi Campuses & Funding for Research & Entrepreneurship
- Platform for Sportsman to Participate at National Level
- Nodal Center for Start-up and Innovation

Admission Procedure
The eligibility criteria and admission forms can either be downloaded from the uni website www.ksvuniversity.org.in or can be obtained from respective colleges mentioned above on payment of prescribed fee and submitted at the respective colleges. Those who are downloading the application forms from the university website should submit the application with the prescribed form fee.
Registrar


# રોબર્ટ વાડ્રાનો વિવાદ વકર્યો

**રોબર્ટ વાઢેરાએ ઈમેઈલ મોકલ્યો હતો : સંજય ભંડારીના ઘટસ્ફોટથી કોંગ્રેસ પાર્ટીમાં ખળભળાટ વર્ષ ૨૦૧૦માં મોકલવામાં આવેલા ઈમેઈલમાં લંડન પ્રોપર્ટી ફાઈનલ કરવાની વાત હતી**

નવીદિલ્હી,તા. ૧

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની લંડનમાં બેનામી સંપત્તિ હોવા સાથે સંબંધિત વિવાદમાં જાણવા મળ્યું છે કે, વિવાદાસ્પદ આર્મ્સ ડીલર સંજય ભંડારીએ વાઢેરા સાથે ઈમેઈલ મારફતે વાતચીત કરી હોવાના અહેવાલને સમર્થન મળ્યું છે. સંજય ભંડારીએ ધડાકો કર્યો છે કે, રોબર્ટ વાઢેરાએ તેમને ઈ-મેઈલ મોકલ્યો હતો. આવી જ એક વાતચીતમાં આ પ્રોપર્ટીમાં કેટલાક કામ થવાની વાત થઈ રહી છે. ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે



આ વર્ષે ૨૭મી અને ૩૦મી એપ્રિલ વચ્ચે સંજય ભંડારીના આવાસ પર તપાસ કરી હતી. આ તપાસમાં તેમના કોમ્પ્યુટરથી મળેલા ઈ-મેઈલ ટ્રેલ ઉપર સંજય ભંડારીએ કબૂલાત કરી છે કે, તેના દ્વારા રોબર્ટ વાઢેરા અને તેમના સહાયક મનોજ અરોરાને ઈમેઈલ મોકલવામાં આવ્યા હતા. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ ઈન્કમ ટેક્સના અધિકારીઓએ કહ્યું છે કે, ભંડારીએ આ વાતની કબૂલાત કરી છે કે, વાઢેરાએ પોતાના પર્સનલ ઈમેઈલથી ભંડારીને એક ઈમેઈલ મોકલ્યો હતો. એપ્રિલ ૨૦૧૦માં મોકલવામાં

● અનુસંધાન પાન-૭ પર

# વિમાની યાત્રા મોંઘી થશે

**જેટ ફ્યુઅલ કિંમતમાં ૯.૨ ટકાનો વધારો : રોકડ કટોકટીનો સામનો કરતી એરલાઈન્સ ઉપર વધુ નાણાંકીય બોજ : જેટ ફ્યુઅલની સાથે સાથે બિનસબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં સિલિન્ડરદીઠ ૨૧ રૂપિયાનો વધારો**

નવીદિલ્હી,તા. ૧

બિનાસબાસિડીવાળા એલપીજી સિલિન્ડર અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ની કિંમતમાં ફરીવાર ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો છે જેના પરિણામ સ્વરુપે સામાન્ય લોકો ઉપર વધુ બોજ પડી શકે છે. એકબાજુ એટીએફ અથવા જેટ ફ્યુઅલની કિંમતમાં ૯.૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે જેના પરિણામ સ્વરુપે વિમાની ભાડા વધવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

બીજી બાજુ બિન સબસિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. વૈશ્વિક આધાર પર સતત ચોથા મહિનામાં વધારો થયો છે. દિલ્હીમાં એટીએફની કિંમત પ્રતિ કિલોલીટર ૩૯૪૫.૪૭ રૂપિયા વધીને ૪૬૭૨૯.૪૮ રૂપિયા થઈ ગઈ છે. આનો મતલબ એ થયો કે, એટીએફની કિંમતમાં ૯.૨ ટકાનો વધારો થયો છે. ઓઈલ કંપનીઓ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. પહેલી મેના દિવસે ૧.૫ ટકા અને પહેલી એપ્રિલના દિવસે ૮.૭ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. તે પહેલા રેટમાં પહેલી માર્ચના દિવસે ૧૨ ટકાનો નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો હતો. જુદા જુદા વિમાની મથકો ઉપર રેટ જુદા જુદારહેશે. કારણ કે, તમામ જગ્યાઓએ લોકલ સેલટેક્સ અથવા તો મૂલ્યવર્ધિત કરવેરા (વેટ) જુદા જુદા હોય છે. જેટ ફ્યુઅલ એરલાઈનના ઓપરેટિંગ ખર્ચ પૈકી ૪૦ ટકાની આસપાસ છે. ભાવ વધારાના પરિણામ સ્વરુપે રોકડ કટોકટીનો

● અનુસંધાન પાન-૭ પર

## રાજન આરબીઆઈ ગવર્નર તરીકે વધુ રહેવા તૈયાર નથી



નવીદિલ્હી,તા. ૧

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન સપ્ટેમ્બરમાં તેમની અવધિ પુરી થયા બાદ બીજી અવધિ માટે રજૂઆત કરશે કે કેમ તેને લઈને ચાલી રહેલી અટકળો દિન પ્રતિદિન વધુ તીવ્ર બની રહી છે. અનિશ્ચિતતા વચ્ચે ગવર્નર રઘુરામ રાજને પોતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લેખિતમાં રજૂઆત કરી છે કે, તેમની અવધિ પુરી થઈ ગયા બાદ તેઓ બીજી વખત આરબીઆઈના ગવર્નર તરીકે ફરજ બજાવવા ઈચ્છુક નથી. બંગાળી અખબારમાં આજે આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રઘુરામ રાજન આરબીઆઈના ગવર્નર બીજી અવધિ માટે ઈચ્છુક નથી. રઘુરામ રાજન અને મોદી સરકાર વચ્ચે થોડાક સમયથી ખેંચતાણની સ્થિતિ રહી છે.

# પ્રદૂષણથી તાજમહેલ પીળો પડી રહ્યો છે

નવી દિલ્હી,તા. ૧

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે એક પર્યાવરણવાદી દ્વારા કરવામાં આવેલી અરજીનો જવાબ આપવા માટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે. આ અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આગરામાં મોટાપાયે પ્રદૂષણના પરિણામ સ્વરુપે તાજમહેલની ખુબસુરતીને નુકસાન થઈ રહ્યું છે. આગરામાં મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ સળગાવવાના પરિણામ સ્વરુપે તાજમહેલ પીળા રંગનું થઈ રહ્યું છે. ગ્રીન પેનલે મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ સળગાવવાથી સિવિક સત્તાવાળાઓને રોકવાનો આદેશ કર્યો છે.

આગરા અને અન્ય વિસ્તારમાં ખુલ્લામાં સોલિડ વેસ્ટ અને અન્ય વેસ્ટ ન સળગાવવાનો આદેશ કરવામાં આવ્યો છે.

ઈકો સેન્સેટીવ તાજ ઝોનની આસપાસ અનેક એકમો આવેલા છે. એનજીટીના ચેરમેન જસ્ટિસ સ્વતંત્રકુમારના નેતૃત્વમાં બેંચે પર્યાવરણ અને વન્ય મંત્રાલય, શહેરી વિકાસ, ઉત્તર પ્રદેશ સરકાર, કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને અન્યોને નોટિસ ફટકારી છે અને બે સપ્તાહની અંદર તેમના જવાબની માંગ કરી છે.


॥ શ્રી સ્વામીનારાયણ નમઃ ॥
આજે ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ
વેલકમ
હમ દિલસે કરતે હૈ...

૨-જૂન, ૨૦૧૬ના રોજ આપ સૌના સાથ-સહકાર અને સહયોગથી હોટલ મીડલ ટાઉને ત્રણ વર્ષની મંજીલ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે ત્યારે આ શુભ દિને હોટલ મીડલ ટાઉન તથા હોટલ ઘુંઘટ પરિવાર હૃદયપૂર્વક આપ સૌ માટે આભાર વ્યક્ત કરે છે

હોટલ મીડલ ટાઉન

ખાસ
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦

ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ + કોલ્ડ્રીંક

તથા રહેવા માટે સર્વોત્તમ રૂમની સગવડ
એ.સી. / નોન એ.સી. તથા શ્યુટરૂમ
એ.સી. બેન્કવેટ હોલ
(૨૫૦ વ્યક્તિની કેપેસીટી)

● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા

આપની એકવારની મુલાકાત કાયમી સંભારણું બનવાની ખાતરી અમારી




પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯ - ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૮૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com

આજના આનંદના દિવસે ૧૦ ટકા ખાસ આકર્ષક વળતર



લગ્ન જીવનના ૫૦માં વર્ષના પ્રવેશે અભિનંદન



શ્રી ડાહ્યાભાઈ નારણભાઈ પ્રજાપતિ
પ્રમુખ - ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
અ.સૌ. ધૂળીબેન ડાહ્યાભાઈ પ્રજાપતિ
લગ્ન તારીખ - ૨/૬/૧૯૬૭

આપની શ્રેષ્ઠ જીવનશૈલી
અમારા પ્રેરણા સ્ત્રોત
અને
આપનું માર્ગદર્શન - અમારૂ જીવનદર્શન
સદાય સદેહે આપ અમારી વચ્ચે
એ જ અમારી ખુશી - એ જ વંદના

મેઘલબેન કમલેશભાઈ પ્રજાપતિ
કમલેશભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ
કુ. પ્રાર્થી કમલેશભાઈ પ્રજાપતિ
આરૂષ કમલેશભાઈ પ્રજાપતિ
અને
સમગ્ર નારણભાઈ કુબેરભાઈ પ્રજાપતિ પરિવાર
પ્લોટ નં. ૫૯૫/૧, સેક્ટર-૬/બી, ગાંધીનગર. મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

આપના નેતૃત્ત્વમાં ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
સતત પ્રગતિશીલ બને તેવી અભ્યર્થના
ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ કાર્યવાહક સમિતિ